ગાંધીનગર સમાચાર



# શહેરમાં શીતલહેર : પારો ૭.૨ ડીગ્રી

## ઠંડીના સપાટાથી શહેરના માર્ગો પર સન્નાટો : ગત ડીસેમ્બર મહીનામાં સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી નોંધાઇ હતી : ઠંડીનો મિજાજ આક્રમક બનતા નગરજનો ઠુંઠવાયા

ગાંધીનગર તા ૨૩

શહેરમાં મોસમના બદલાતા મિજાજ વચ્ચે વાતાવરણમાં ફરિએકવાર ઠંડીએ સામ્રાજય જમાવ્યુ છે. ઠંડીનો પારો ૭.૨ ડીગ્રીએ પહોંચી જતા નગરજનો આક્રમક કોલ્ડ વેવથી તોબા પોકારી ગયા છે. ગત તા ૧૨ ડીસેમ્બરના રોજ ઠંડીનો પારો ૭ ડિગ્રી એ પહોંચી જતા શહેરીજનોએ સિઝનની રેકર્ડ બ્રેક ઠંડીનો અહેસાસ કર્યો હતો. જયારે આજે પણ ઠંડીનો પારો ૭.૨ ડીગ્રી સુધી ગબડી જતા નગરજનો ઠંડીમાં ઠુંઠવાયા હતા. અસહ્ય ઠંડીનુ મોજુ ફરિ વળતા નગરનુ જનજીવન પણ પ્રભાવિત થયુ છે. સાંજ ઢળતા જ માર્ગો પર સન્નાટો જોવા મળી રહયો છે.

શહેરમાં છેલ્લા ઘણાં સમયથી મોસમના બદલાતા મિજાજ વચ્ચે નગરજનો સુસ્તી અનુભવી રહયા છે. ઠંડી અને ગરમીના અહેસાસના લીધે શિયાળાની મોસમ પુરબહારમાં ખીલી ન હોવાનો અજંપો પણ શહેરીજનોને સતાવી રહયો હતો.ગત ડીસેમ્બર મહીનામાં સિઝનની મહત્તમ ઠંડી સાથે લઘુત્તમ પારો ૭ ડી ગ્રી એ પહોંચી જતા નગર આખુ ઠંડીની આહોશમાં આવી ગયુ હતુ. પરંતુ ત્યારબાદ દિનપ્રતિદિન ઠંડીના પારાની ચઢઉતર વચ્ચે બેવડી ઋતુ અનુભવતા નગરજનો દિવસે પરસેવે ભીંજાતી ગરમીનો અહેસાસ કરતા સુસ્તી અનુભવી રહયા હતા. ઠંડીની

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : દિપક જાની)

# પંચાયતની સમિતિઓની રચનાને મામલે જિલ્લાના આગેવાનોને પ્રદેશનું તેડુ આવ્યુ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં બનેલી ગઈકાલની ઘટનાઓ અંગે પ્રદેશ સમિતિએ ગંભીર નોંધ લઈ આજે જિલ્લાના નેતાઓને તાકીદના તેડા મોકલી બોલાવ્યા હતા. જ્યાં કોઈપણ પ્રકારની ગેરશિસ્ત સાંખી લેવાશે નહિ તેવી સ્પષ્ટ ચેતવણી પ્રદેશ

## ગેરશિસ્ત કોઈપણની કોઈપણ તબક્કે સાંખી લેવાશે નહિ તેવી પ્રદેશની સ્પષ્ટ ચેતવણી

પ્રમુખ શ્રી સોલંકીએ આપી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં સમિતિઓની રચનાને લઈ ગઈકાલે થયેલી મડાગાંઠ પછી નિરીક્ષકોના અહેવાલને પગલે આજે જિલ્લાના નેતાઓને તાકીદના તેડા પ્રદેશ સમિતિથી મળ્યા હતા.

બપોરે ૩ વાગ્યાથી ગાંધીનગર જિલ્લાની સમિતિઓની રચનાનો મુદ્દો ચર્ચામાં લેવાયો હતો. જે નામો નક્કી કરાયા છે તેમાં કોઈપણ સુધારા-વધારા નહિ કરાય તેમજ હવે પછી કોઈપણ પ્રકારની ગેરશિસ્ત સાંખી લેવામાં આવશે નહિ તેવી સ્પષ્ટ ચેતવણી પ્રદેશ પ્રમુખ શ્રી ભરતસિંહ સોલંકી દ્વારા આપવામાં આવી છે.

હવે પછી જિલ્લા પંચાયતની જે બેઠક મળશે તેમાં સમિતિઓની રચનાને આખરી ઓપ આપી દેવામાં આવશે. ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કોંગ્રેસના ૨૫ સભ્યો વિજયી બન્યા છે. ગઈકાલે સમિતિઓની રચનાને આરંભે જ પક્ષનો મેન્ડેટ હોવા છતાં ઉભી થયેલી જૂથબંધીને પગલે સભા મોકૂફ રાખી દેવામાં આવી તી.

## જિલ્લા પંચાયતની સામાન્ય સભા ૧લી ફેબ્રુઆરીએ મળશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા પંચાયતની મોકુફ રહેલી સામાન્યસભા હવે ૧લી ફેબ્રુઆરીના રોજ પુનઃ મળશે.

પંચાયત પ્રમુખશ્રીએ ૨૯મી જાન્યુઆરીની ભલામણ કરી હતી પરંતુ ગ્રામસભા અભિયાન અને અન્ય કાર્યક્રમોને પગલે હવે ૧લી ફેબ્રુઆરીના રોજ સામાન્યસભા બપોરે ૧૨ વાગે મળશે તેમ જિલ્લા પંચાયતના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

# સે-૭ ની સરકારી શાળાના નવનિર્મિત બિલ્ડીંગમાં ૧ કરોડના ખર્ચે ફર્નિચર બનાવાશે

ગાંધીનગર તા ૨૩

સેકટર -૭ માં સરકારી શાળાના નવા બિલ્ડીંગનુ નિર્માણ કામ પુર્ણ કરી દેવામાં આવ્યુ છે. ત્રણ મજલાના નવા બિલ્ડીંગમાં સઘળી સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. સરકારી શાળાના નવા બિલ્ડીંગના કામ પાછળ અંદાજિત રૂ ૬ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે હવે શાળાના વિવિધ વર્ગો તેમજ શિક્ષકોના રૂમ માટે ટુંકમાં ફર્નિચરનુ કામ શરૂ કરવામાં આવશે. શાળાના નવા બિલ્ડીંગમાં ૧ કરોડના ખર્ચે અધ્યતન ફર્નિચર બનાવાશે.

## શાળાના નવા બિલ્ડીંગ પાછળ ૬ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે ટુંકમાં જ લોકાર્પણ વિધિ યોજાશે

સેકટર-૭માં સરકારી શાળાના નવા બિલ્ડીંગનુ કામ પુર્ણ કરી દેવામાં આવ્યુ છે. લાંબા સમયના અંતે શાળાને નવુ બિલ્ડીંગ મળશે. શાળાના નવા મકાન માટે ૬ કરોડનો ખર્ચે કરવામાં આવ્યો છે. જેમાં કમ્પાઉન્ડ વોલ પાર્કીંગ તેમજ રસ્તા સહીતની તમામ સુવિધાઓ સંકુલમાં પણ ઉભી કરવામાં આવી છે. બિલ્ડીંગમાં પણ સલામતી તેમજ સુવિધાઓને ધ્યાને રાખી કામ કરવામાં આવ્યુ છે. શાળાનુ નવુ બિલ્ડીંગ તૈયાર થતા રંગરોગાનની કામગીરી પણ પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે હવે તંત્ર દ્વારા શાળાના વર્ગો તેમજ શિક્ષકોના રૂમમાં ફર્નિચરનુ કામ શરૂ કરવામાં આવશે. સુત્રોના જણાંવ્યા મુજબ ત્રણ મજલાના બિલ્ડીંગમાં ફર્નિચરનુ કામ શરૂ કરવા માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જયારે ટુંકમાં જ એજન્સીને કામ પણ સોંપી દેવામાં આવશે. જેના અંતે શાળાના શિક્ષકોના રૂમમાં તેમજ વિદ્યાર્થીઓ માટેના વર્ગ ખંડમાં, લેબોરેટ્રીમાં ફર્નિચરનુ કામ કરવામાં આવશે. ફર્નિચરના કામ પાછળ પણ અંદાજિત રૂ ૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે. શાળાના નિર્માણની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. ત્યારે ટુંકમાં જ શાળાના નવા બિલ્ડીંગનું લોકાર્પણ કરવામાં આવશે.

# વિધાનસભાની વર્ષમાં ૬૦ દિવસ બેઠક યોજાવી જોઈએ

ગાંધીનગર, તા. ૨૩

વિધાનસભાઓમાં તંદુરસ્ત ચર્ચા થઈ શકે તે માટે વર્ષમાં ૬૦ દિવસ વિધાનસભાની બેઠક બોલાવવા અંગેનો એક પ્રસ્તાવ ઓલ ઈન્ડીયા સ્પીકર્સ કોન્ફરન્સમાં પસાર કરવામાં આવ્યો છે.

## ગાંધીનગર ખાતે સ્પીકર્સ કોન્ફરન્સના સમાપન પ્રસંગે તંદુરસ્ત ચર્ચાઓના અંતે લોકશાહીની મજબૂતાઈ માટે પ્રસ્તાવ પસાર કરાયો

ગુજરાતના આંગણે વિધાનસભા ખાતે યોજાયેલ બે દિવસીય ઓલ ઈન્ડીયા સ્પીકર્સ કોન્ફરન્સ અંગેની વિગતો આપતા લોકસભાના અધ્યક્ષ શ્રીમતી સુમિત્રા મહાજને જણાવ્યું હતું કે આ કોન્ફરન્સ પ્રજામાં જનપ્રતિનિધિઓ પ્રત્યેનો ભાવ બદલાય તે પ્રકારનું વાતાવરણ ઉભુ કરવા તેમજ સભ્યોની ગૃહમાં હાજરી અને વિધાનસભાની ૬૦ દિવસ બેઠક બોલાવવા એ બે વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી.

તેમણે જણાવ્યું હતું કે મોટાભાગના અધ્યક્ષોએ ૬૦ દિવસ બેઠક મળવી જોઈએ તેવો મત વ્યક્ત કરતાં મોટી વિધાનસભામાં ૬૦ દિવસ અને નાની વિધાનસભામાં ૩૦ દિવસ બેઠક મળે તે અંગેનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર




## બેસણું



અમારા બેન **આનંદીબેન મોતીલાલ જાની** (અંબોડ) હાલ વડોદરા ખાતેનું તા. ૧૫/૧/૨૦૧૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું પીયરપક્ષનું બેસણું નીચેના સ્થળે અને સમયે રાખેલ છે.**

તારીખ : ૨૪/૧/૨૦૧૬, રવિવાર, બપોરે ૨ થી ૫ કલાક
સ્થળ : ૨૫, વિરાટનગર સોસાયટી, સેક્ટર-૨૩, ગાંધીનગર
મો. ૯૪૨૬૬ ૩૦૬૫૨, ૯૮૯૮૦ ૩૦૬૫૨

લિ.

| | |
|---|---|
| શારદાબેન જયંતિલાલ જાની | જયંતિલાલ દશરથલાલ જાની |
| વસંતીબેન કૃષ્ણકાન્ત જાની | કૃષ્ણકાન્ત દશરથલાલ જાની |
| ઈન્દુબેન કનૈયાલાલ જાની | કનૈયાલાલ દશરથલાલ જાની |

## ગઢવી સમાજનું ગૌરવ



શ્રી જે. કે. ગઢવી
I.A.S.

**શ્રી જે. કે. ગઢની સાહેબ,**

આપશ્રીનો અંતઃકરણ પૂર્વકના ખૂબ ખૂબ હાર્દિક અભિનંદન.

આપશ્રીની ફરજનિષ્ઠા, વહીવટી કુશળતા તેમજ કર્તવ્ય પરાયણતાને બિરદાવી સરકારશ્રીએ આપને I.A.S. અધિકારી તરીકે બઢતી આપતા, અમો સર્વે અતિ આનંદ અને ગર્વની લાગણી અનુભવીએ છીએ.

આપ ઉત્તરોત્તર આપના ક્ષેત્રમાં આગળ વધતા રહો તેવી શુભેચ્છાઓ અને પ્રભુ પ્રાર્થના કરીએ છીએ.

**શુભાષિશ સહ**

સ્વ.શ્રી કરણીદાન એચ. ગઢવી (પિતાશ્રી)
ગંગા સ્વરૂપ શ્રીમતી દયાબા કે. ગઢવી (માતૃશ્રી)
મેજર મહિપતસિંહ કે. ગઢવી (ભાઈશ્રી)
શ્રીમતી હંસાબહેન ગઢવી (ભાભીશ્રી)
(નાયબ ભાષા નિયામક)
કુમારી જ્હાનવી ગઢવી (ભત્રીજી)
શ્રીમતી રસીલા જે. ગઢવી (પત્ની)
શ્રી ખમીર ગઢવી (સુપુત્ર)
શ્રીમતી ચંદ્રિકા ગઢવી (બહેનશ્રી)
શ્રીમતી રાધીકા ગઢવી (બહેનશ્રી)
શ્રીમતી રમીલા ગઢવી (બહેનશ્રી)
શ્રી જશુભાઈ ગઢવી (બનેવીશ્રી)
શ્રી વિજયદાન ગઢવી (બનેવીશ્રી)
શ્રી બિપીનકુમાર ગઢવી (બનેવીશ્રી)
**તથા સમગ્ર પરિવાર**


## અભિનંદન



**શ્રી દિગ્વિજયસિંહ મહેન્દ્રસિંહ રાઠોડ (અલુવા)**
આસી. પ્રોફેસર, ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી

કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એપ્લીકેશનમાં Ph.D.ની ઉપાધિ મેળવવા બદલ આપને ખૂબ ખૂબ હાર્દિક શુભેચ્છા.

| | |
|---|---|
| ડો. બળદેવસિંહ એમ. વાઘેલા | શ્રીમતી નિરૂબા બી. વાઘેલા |
| શ્રી હિતેનસિંહ બી. વાઘેલા | શ્રીમતી મનીષાબા એચ. વાઘેલા |
| શ્રી કિર્તીદેવસિંહ ડી. રાઓલ | શ્રીમતી સ્વાતિબા કે. રાઓલ |


**શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ**
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.



હવે મેળવો

10.01% દ.વ.*

વાર્ષિકીકૃત ઉપજ 60 મહિના મુદતની

**ડીસીબી ફિક્સ્ડ ડિપૉઝિટ પર**

આપની જમા રાશિને 8 વર્ષ 9 માસમાં બમણી કરો!!#

ડીસીબી બૅન્ક
સેક્ટર 16, ઘ રોડ, ગાંધીનગર
કૉલ કરે: 9825542026 / 9825974100 / 65730141

*કર–પહેલાની વાર્ષિકીકૃત ઉપજ દ.વ. 8.20% દરે 60 મહિના ટર્મ ડિપોઝિટ માટે ત્રિમાસિક ચક્રવૃદ્ધિ ફ્રીક્વન્સીના અનુમાન આધારે જ્યારે વ્યાજ અને મુદ્દલ મુખ્ય પરિપક્વતા પર ચૂકવવામાં આવે છે. #8.00%નાં વાર્ષિક વ્યાજ દરે અને સંચિત વિકલ્પ પર પૂર્વ ટીડીએસ. નિયમો અને શરતો લાગુ. આ વ્યાજ દરો 9 નવેમ્બર, 2015 થી લાગુ રહે છે અને કોઈપણ પૂર્વ સૂચના વિના ફેરફારને આધીન છે.

DCB Bank Limited

DCB BANK


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com